# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## વિસ્તરણ શિક્ષણ પરિષદની છટ્ઠી બેઠકની કાર્યનોંધ

---

**તા.૧૮/૦૭/૨૦૧૪ના રોજ બપોરે ૨.૩૦ કલાકે અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદની છટ્ઠી બેઠકની કાર્યવાહીની કાર્યનોંધ.**

---

વિસ્તરણ શિક્ષણ પરિષદના અધ્યક્ષ અને માન.કુલપતિશ્રી ડૉ. એ.આર.પાઠક અનિવાર્ય સંજોગોને લીધે બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોઈ તેઓશ્રીની સૂચનાનુસાર ડૉ.એ.એન.સાબલપરા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના અધ્યક્ષપદે બેઠક મળેલ હતી.

**સદરહુ બેઠકમાં નીચે જણાવ્યા મુજબના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.**

| | | |
|---|---|---|
| ૧. | ડૉ.એ.એન.સાબલપરા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | અધ્યક્ષ |
| ૨. | ડૉ.જી.આર. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય સચિવ |
| ૩. | ડૉ.એન.એલ.પટેલ, ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| ૪. | ડૉ.એન.એચ.કેલાવાલા, ડીનશ્રી, વનબંધુ પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | સભ્ય |
| ૫. | ડૉ.જે.ડી.થાનકી, ડીનશ્રી, અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| ૬. | ડૉ.જે.જી.પટેલ, આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનીક,નવસારી કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ | સભ્ય |
| ૭. | ડૉ.એન.એમ.ચૌહાણ, પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા, જિ.તાપી | સભ્ય |
| ૮. | ડૉ. ઓ.પી.શર્મા, સહ પ્રાધ્યાપકશ્રી(વિસ્તરણ), વેટરીનરી વિસ્તરણ શિક્ષણ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| ૯. | ડૉ.એમ.એસ.પુરોહિત, ૧૪/બી, સહયોગ સોસાયટી, સરકારી સરકીટ હાઉસની બાજુમાં, લુન્સીકુઈ, નવસારી | સભ્ય |
| ૧૦. | ડૉ.વી.વી. માયાણી,પી–૫૦૨, ગોલ્ડન પ્લાઝા, અંકુર ચોકડી, એ.કે.રોડ, સુરત–૩૯૫૦૦૮ | સભ્ય |
| ૧૧. | ડૉ. હસમુખભાઈ ડી.ખારેચા, પ્રોગ્રામ ડાયરેકટરશ્રી, લોકસેવા ટ્રસ્ટ, આદિજાતિ વિકાસ અને તાલીમ કેન્દ્ર, મુ.પો.મોટી ભમતી, તા.વાંસદા, જિ.નવસારી | સભ્ય |
| ૧૨. | શ્રી ભરતભાઈ નારણજી દેસાઈ, મુ.પો. ઉમરસાડી, દીપલી ફળીયા, તા. કીલ્લાપારડી, જિ.વલસાડ | સભ્ય |
| ૧૩. | શ્રી પ્રમોદભાઈ મોરારજી પટેલ, મુ.પો.અબ્રામા, અબ્રામા ચાર રસ્તા, નવસારી રોડ, તા. જલાલપોર, જિ.નવસારી | સભ્ય |
| ૧૪. | ડૉ.એચ.યુ.વ્યાસ, સહ પ્રાધ્યાપકશ્રી(વિસ્તરણ), વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ,નવસારી | સભ્ય |

**નીચે જણાવ્યા મુજબના સભ્યશ્રીઓ બેઠકમાં હાજર રહી શકયા ન હતા અને તેઓની ગેરહાજરી માટેની રજાને માન્ય કરવામાં આવી.**

| | | |
|---|---|---|
| ૧. | ર્ડા.એમ.કે.એરવાડીયા, ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| ૨. | ખેતી નિયામકશ્રી, ખેતી નિયામકશ્રીની કચેરી,<br>ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર | સભ્ય |
| ૩. | બાગાયત નિયામકશ્રી, બાગાયત નિયામકશ્રીની કચેરી,<br>ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર | સભ્ય |
| ૪. | પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી,<br>ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર | સભ્ય |
| ૫. | ર્ડા.આર.ડી.પંડયા, પ્રાધ્યાપક અને વડાશ્રી,<br>વિસ્તરણ શિક્ષણ વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | સભ્ય |
| ૬. | ર્ડા.ઓ.ડી.વનપરીયા, સહ પ્રાધ્યાપકશ્રી(વિસ્તરણ),<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | સભ્ય |

બેઠકની શરૂઆતમાં ર્ડા.જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઉપસ્થિત તમામ નવનિયુકત સભ્યશ્રીઓને શાબ્દિક અને પુષ્પગુચ્છથી આવકારીને પરીષદની રચના, કાર્યો અને વિસ્તરણ પ્રવૃત્તિઓની અગત્યતા વિષે ટૂંકમાં જાણકારી આપી, ત્યારબાદ ર્ડા.એ.એન.સાબલપરા, સંશોધન નિયામકશ્રીની અધ્યક્ષતામાં કાર્યસૂચિ મુજબ બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**મુદ્દા નં.૬.૧ : નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની પાંચમી બેઠકની કાર્યનોંધ મંજૂર કરવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની પાંચમી બેઠકની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.

**મુદ્દા નં.૬.૨ : વિસ્તરણ શિક્ષણ પરિષદની પાંચમી બેઠકની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની નોંધ લેવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની પાંચમી બેઠક તા.૧૯/૧૨/૨૦૧૧ના રોજ નવસારી ખાતે મળેલ હતી, જેની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની સભ્યશ્રીઓ દ્વારા સમીક્ષા કરીને નોંધ લેવામાં આવી.

**મુદ્દા નં.૬.૩ : "ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" અભ્યાસક્રમનો એગ્રો આઈ.ટી.આઈ.માં સમાવેશ કરવા બાબત...**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ચાલતો "ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" તાલીમ કાર્યક્રમ સંપૂર્ણપણે તાલમાર્થીઓની માંગ આધારિત (Need Based) અને સરકારશ્રીની સહાય વગર સ્વખર્ચે ચાલતો અભ્યાસક્રમ હોઈ તેનો નવસારી ખાતે સમાન હેતુસર ચાલતી એગ્રો આઈ.ટી.આઈ. માં બીજો કોઈપણ ફેરફાર કર્યા સિવાય એગ્રો આઈ.ટી.આઈ.ની કામગીરી ગણીને હાલ ચાલે છે તેમ ચાલુ રાખવો તથા આ અભ્યાસક્રમમાં સહકારી સંસ્થાઓના કર્મચારીઓ/અધિકારીઓને ઈનપુટ ડીલર્સ ગણીને નિયત ફી લઈને પ્રવેશ આપવો".

(**અમલ :** ઈન્ચાર્જ અધિકારી, એગ્રો આઈ.ટી.આઈ, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી)

**મુદ્દા નં.૬.૪ : ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં કૃષિ વિષયક લેખો તેમ જ કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય અને કૃષિમેળાઓમાં પ્રદર્શિત કરવામાં આવતાં પેનલ ચાર્ટસની માહિતી સબંધિત વિષય નિષ્ણાંત પાસે ચેક કરાવ્યા બાદ જ પ્રકાશિત/પ્રદર્શિત કરવા બાબત...**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો/વૈજ્ઞાનિકો/વિસ્તરણ શિક્ષણ શિક્ષણશાસ્ત્રીઓ દ્વારા ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ કરવામાં આવતાં કૃષિ વિષયક લેખો તેમ જ કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય અને કૃષિમેળાઓમાં પ્રદર્શિત કરવામાં આવતાં પેનલ ચાર્ટસની માહિતી સબંધિત વિષય નિષ્ણાંત/સંશોધન વૈજ્ઞાનિક પાસે ચેક કરાવ્યા બાદ જ પ્રકાશિત/પ્રદર્શિત કરવાની રહેશે. તેવી જ રીતે યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવતી માહિતી જે તે વિભાગના વડાએ સમયાંતરે અપડેટ કરવાની રહેશે. જુની અને/અથવા ખોટી માહિતીના પ્રકાશન/પ્રદર્શન માટે જે તે લેખક/વિભાગની અંગત જવાબદારી રહેશે અને તે માટે યુનિવર્સિટીના નિયમાનુસાર સક્ષમ અધિકારી પગલાં લઈ શકશે".

(**અમલ :** તમામ કૃષિ વૈજ્ઞાનિકો અને યુનિટ/સબ યુનિટ અધિકારીઓ, નકૃયુ, નવસારી)

**મુદ્દા નં.૬.૫ : બેકરી શાળા, નવસારી ખાતે ચાલતાં બેકરી તાલીમ સર્ટિફીકેટ કોર્ષ તથા એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગની પ્રવેશ ફી માં વધારો બાબત...**

"આથી ઠરાવવામાં આવે છે કે, બેકરી શાળા, નવસારી ખાતે ચાલતાં ૨૦ અઠવાડીયાનો બેકરી તાલીમ સર્ટિફીકેટ કોર્ષ તથા એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગની નવી પ્રવેશ ફી નીચે મુજબ મંજૂર કરવામાં આવે છે અને તેનો અમલ આગામી બેચથી કરવો".

**(૧) ૨૦ અઠવાડીયાનો બેકરી તાલીમ સર્ટિફીકેટ કોર્ષ :**

| અ.નં. | ફીની વિગત | નવી ફી રૂા. |
|---|---|---|
| ૧ | પ્રયોગશાળા અનામત | ૨૫૦/– |
| ૨ | હોસ્ટેલ અનામત | ૧૦૦/– |
| ૩ | કોશન મની | ૧૦૦/– |
| ૪ | રીવોલ્વીંગ ફંડ(વસ્તુ વપરાશ ખર્ચ) | ૪૫૦/– |
| | **કુલ ફી રુા.** | **૯૦૦/–** |

**(૨) એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગ :**

| અ.નં. | ફીની વિગત | નવી ફી રૂા. |
|---|---|---|
| ૧ | પ્રવેશ ફી | ૧૦૦/– |
| ૨ | રીવોલ્વીંગ ફંડ(વસ્તુ વપરાશ ખર્ચ) | ૧૦૦/– |
| | **કુલ ફી રુા.** | **૨૦૦/–** |

(**અમલ :** મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, બેકરી શાળા, નકૃયુ,નવસારી)

**મુદ્દા નં.૬.૬ : ખેડૂત સમુદાયમાં યુનિવર્સિટી તરફથી ભલામણ થયેલ નવિન કૃષિ ટેકનોલોજી અપનાવવાનું પ્રમાણ અને તેની ખેડૂત સમુદાય પર પડેલ આર્થિક–સામાજીક અસરોના અભ્યાસ બાબત...**

"આથી ઠરાવવામાં આવે છે કે, દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓમાં યુનિવર્સિટી તરફથી ભલામણ થયેલ નવિન કૃષિ ટેકનોલોજી અપનાવવાનું પ્રમાણ અને તેની ખેડૂત સમુદાય પર પડેલ આર્થિક–સામાજીક અસરોનો અભ્યાસ પ્રાધ્યાપક અને વડા, વિસ્તરણ શિક્ષણ વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારીના વડપણ હેઠળ Extension Research Methodology નો ઉપયોગ કરીને વધુ વૈજ્ઞાનિક ઢબે, આયોજનબધ્ધ અને સમયાંતરે હાથ ધરવામાં આવે તેમજ દર વર્ષે અભ્યાસના તારણો તેઓ એગ્રેસ્કોમાં રજૂ કરે તથા તેનો સંકલિત અહેવાલ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રીને મોકલી આપે".

(**અમલ :** પ્રાધ્યાપક અને વડા, , વિસ્તરણ શિક્ષણ વિભાગ, ન.મ.કૃ.મ., નકૃયુ,નવસારી)

**મુદ્દા નં.૬.૭ : કિસાનઘર, રસોડા હોલ અને તાલીમખંડના વપરાશ માટેના નવા દર/ભાડા મંજૂર કરવા બાબત...**

"આથી ઠરાવવામાં આવે છે કે, વિસ્તરણ એકમ હેઠળના કિસાનઘર, રસોડા હોલ અને તાલીમખંડના વપરાશ માટેના નવા સુધારેલ દર/ભાડા નીચે મુજબ મંજૂર કરવામાં આવે છે અને તેનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે".

**(૧) જુના કિસાનઘર વપરાશના નવા દર/ભાડા (પ્રતિ દિન) :**

| **અ.નં.** | **રહેઠાણની વિગત** | **નવા દર રુ. (પ્રતિ બેડ)** |
|---|---|---|
| ૧. | ખેડૂતો | |
| | (અ) તાલીમાર્થી ખેડૂતો | ૨૦/– |
| | (બ) પ્રવાસી/મુલાકાતી ખેડૂતો | ૨૫/– |
| ૨. | સરકારી/યુનિવર્સિટી કર્મચારીઓ | |
| | (અ) સરકારી કામ અર્થે | ૩૦/– |
| | (બ) અંગત કામ અર્થે | ૭૫/– |
| ૩. | વિદ્યાર્થીઓ | ૨૦/– |
| ૪. | વિદ્યાર્થીઓના વાલીઓ | ૩૦/– |
| ૫. | ખાનગી કંપનીના અધિકારી/કર્મચારી (યુનિવર્સિટી ખાતે આવતા) | ૧૦૦/– |
| ૬. | યુનિવર્સિટી કર્મચારીઓ/અધિકારીઓના સગા–સંબંધીના (અંગત) ઉપયોગ માટે | ૭૫/– |

**(૨) નવા કિસાનઘર અને કૃષિકાર અતિથિ ગૃહ વપરાશના નવા દર/ભાડા (પ્રતિ દિન):**

| અ.નં. | રહેઠાણની વિગત | નવા દર રૂા. (પ્રતિ બેડ) | |
|---|---|---|---|
| | | નોન એ.સી. | એ.સી. |
| ૧. | ખેડૂતો | | |
| | (અ) તાલીમાર્થી ખેડૂતો | ૩૦/– | ૧૫૦/– |
| | (બ) પ્રવાસી/મુલાકાતી ખેડૂતો | ૫૦/– | ૩૦૦/– |
| ૨. | સરકારી/યુનિવર્સિટી કર્મચારીઓ | | |
| | (અ) સરકારી કામ અર્થે | ૬૦/– | ૧૫૦/– |
| | (બ) અંગત કામ અર્થે | ૧૦૦/– | ૪૦૦/– |
| ૩. | વિદ્યાર્થીઓ | ૩૦/– | ૧૫૦/– |
| ૪. | વિદ્યાર્થીઓના વાલીઓ | ૫૦/– | ૩૦૦/– |
| ૫. | ખાનગી કંપનીના અધિકારી/કર્મચારી (યુનિવર્સિટી ખાતે આવતા) | ૨૦૦/– | ૫૦૦/– |
| ૬. | યુનિવર્સિટી કર્મચારીઓ/અધિકારીઓના સગા સંબંધીના (અંગત) ઉપયોગ માટે | ૧૫૦/– | ૫૦૦/– |

**(૩) વિસ્તરણ યુનિટ હસ્તકના તાલીમખંડોના વપરાશના નવા દર/ભાડા (પ્રતિ દિન) :**

| અ.નં. | તાલીમખંડની વિગત | નવા દર રૂા. | |
|---|---|---|---|
| | | નોન એ.સી. | એ.સી. |
| ૧. | સરદાર તાલીમખંડ | ૧૦૦૦/– | ૨૫૦૦/– |
| ૨. | એટીક કોન્ફરન્સ હોલ/તાલીમખંડ | ૭૫૦/– | ૨૦૦૦/– |
| ૩. | નવા કિસાનઘરનો મીટીંગ હોલ (પ્રથમ માળ) | ૧૫૦૦/– | ૩૦૦૦/– |
| ૪. | કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો તાલીમખંડ | ૧૦૦૦/– | ૨૫૦૦/– |

**(૪) રસોડાના હોલના વપરાશના દર/ભાડા (પ્રતિ દિન) :**

| અ.નં. | વપરાશની વિગત | નવા દર રૂા. |
|---|---|---|
| ૧. | યુનિવર્સિટી કર્મચારીઓના અંગત ઉપયોગ માટે | ૧૨૦૦/– |
| ૨. | ખાનગી કંપનીઓ/પાર્ટીઓ તરફથી અંગત ઉપયોગ માટે | ૩૦૦૦/– |

(**અમલ :** કાર્યક્રમ વ્યવસ્થાપક, સરદાર સ્મૃતિ કેન્દ્ર/વિસ્તરણ શિક્ષણ નિયામક,નકૃયુ,નવસારી)

**<u>નોંધ</u> :** વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓના સૂચન મુજબ ખાનગી કંપનીઓ/પાર્ટીઓ માટે દર/ભાડામાં થોડો વધારો કરવાની શકયતા તપાસવા માટે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને કાર્યપાલક ઈજનેરશ્રીનો સમાવેશ કરતી પાંચ સભ્યોની કમિટીની એક બેઠક તા.૨૮/૦૭/૨૦૧૪ના રોજ મળેલ હતી, જેમાં ખાનગી કંપનીઓ/પાર્ટીઓ માટે પુનઃ નકકી કરવામાં આવેલ દર/ભાડાનો ઉપરોકત કોઠામાં સમાવેશ કરવામાં આવેલ છે.

**મુદ્દા નં.૬.૮ : એગ્રો આઈ.ટી.આઈ.ના બજેટ સદરમાં બેકરી શાળા, નવસારીનો ખર્ચ કરવા બાબત..**

''આથી ઠરાવવામાં આવે છે કે, એગ્રો આઈ.ટી.આઈ. (પ્લાન યોજના)ના બજેટ સદરે મંજૂર થયેલ ગ્રાન્ટનો ઉપયોગ બેકરીશાળા (નોન પ્લાન યોજના) માં કરી શકાય નહીં. બેકરીશાળાના પ્રાયોગિક કાર્ય માટે કાચા માલ સામાનની ખરીદી, શ્રમયોગીઓના મહેનતાણાં તથા લાઈટબીલના ચૂકવણાંમાં નાણાંકીય મુશ્કેલી ન પડે તે માટે ''સ્ટ્રેન્ધનીંગ ઓફ બેકરીશાળા'' નામની નવી પ્લાન યોજના તૈયાર કરીને સંશોધન નિયામકશ્રીની કચેરીમાં રજૂ કરવી''.

(**અમલ :** મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, બેકરી શાળા/
સહ પ્રાધ્યાપક(વિસ્તરણ), વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી)

**મુદ્દા નં.૬.૯ : અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ મુદ્દાઓ..**

આજની બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી નીચે મુજબના મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી.

**(૧) વિસ્તરણ શિક્ષણ પરિષદની બેઠકમાં રાજયની અન્ય કૃષિ યુનિવર્સિટીઓના કોઈ એક વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને આમંત્રિત સભ્ય તરીકે આમંત્રણ આપવું..**

''આથી ઠરાવવામાં આવે છે કે, આગામી વિસ્તરણ શિક્ષણ પરિષદની બેઠકમાં રાજયની અન્ય કૃષિ યુનિવર્સિટીઓના કોઈ એક વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને આમંત્રિત સભ્ય તરીકે બોલાવવા''.

(**અમલ :** વિસ્તરણ શિક્ષણ નિયામક, નકૃયુ,નવસારી)

**(૨) વિસ્તરણ શિક્ષણ પરિષદની બેઠકમાં રાજયના કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાના નિયુકત થયેલ નિયામકશ્રીઓ આવી શકે તેમ ન હોય તો તેઓની જગ્યાએ તેમના પ્રતિનિધીઓને મોકલવા બાબત..**

''આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્ય તરીકે નિયુકત થયેલ રાજયના કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાના નિયામકશ્રીઓ અનિવાર્ય સંજોગોને લીધે બેઠકમાં ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો તેઓની જગ્યાએ તેમના પ્રતિનિધીઓને બેઠકમાં મોકલવા''.

(**અમલ :** નિયામકશ્રી, કૃષિ, બાગાયત અને પશુપાલન, ગાંધીનગર)

બેઠકના અંતે કોઈ મુદ્દા ચર્ચવાના બાકી ન રહેતા ર્ડા. જી.આર. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ બેઠકમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરી.

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ/ટી–૧/૩૭૯૦–૩૮૧૩/૨૦૧૪
નવસારી તા.૦૧/૦૮/૨૦૧૪

(જી.આર.પટેલ)
સભ્યસચિવ અને વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦

---

**નોંધ :** વિસ્તરણ શિક્ષણ પરિષદના અધ્યક્ષ અને માન.કુલપતિશ્રીએ તા.૩૧/૦૭/૨૦૧૪ના રોજ કાર્યનોંધ મંજૂર કરી.